3104
G

16(P)

NATIONAL ARCHIVES LIBRARY
GOVERNMENT OF INDIA
NEW DELHI.

Call No.

Accession No. 3104

GIPNLK—7/DAND—5-9-60—15,000

Sindhu

# સિંધુડો

3104

lib 868/76P-3

મૂલ્ય
૦-૯-૦

ઝવેરચંદ મેઘાણી

RECEIVED.
27 OCT. 1931
DEPARTMENT

# સીંધૂડો



ઝવેરચંદ મેઘાણી

આવૃત્તિ પહેલી : ૨૦૦૦
એપ્રીલ : ૧૯૩૦
**મૂલ્ય આઠ આના**

શ્રી સૌરાષ્ટ્ર મુદ્રણાલય, ગીબરોડ, રાણપુરમાં
મુદ્રક તથા પ્રકાશક હ. મ. પંડ્યાએ
છાપી પ્રસિદ્ધ કર્યું.

# છેલ્લી પ્રાર્થના

હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,
કલેજાં ચીરતી કમ્પાવતી અમ ભય-કથાઓ,
મરેલાનાં રૂધિર ને જીવતાનાં આંસુડાંઓ,
સમર્પણ એ સહુ તારે કદમ પ્યારા પ્રભુ ઓ !

અમારા યજ્ઞનો છેલ્લો બલિ; આમીન કે'જે !
ગુમાવેલી અમે સ્વાધીનતા તું ફેર દેજે
વધારે મૂલ લેવાં હોય તો યે માગી લેજે !
અમારા આખરી સંગ્રામમાં સાથે જ રે'જે !

પ્રભુજી ! પેખજો આ છે અમારૂં યુદ્ધ છેલ્લું,
બતાવો હોય જો કારણ અમારૂં લેશ એવું,
અમારાં આંસુડાં ને લોહીની ધારે ધુવેલું.
દુવા માગી રહ્યું જો સૈન્ય અમ તત્પર ઊભેલું.

NATIONAL ARCHIVES LIBRARY
No. 3104
Date 28.3.72
GOVT. OF INDIA

નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે આટલી કે માતની હાકલ પડી છે.
જીવે મા માવડી એ કાજ મરવાની ઘડી છે,
ફિકર શી જ્યાં લગી તારી અમો પર આંખડી છે!

જુઓ આ તાત! ખુલ્લાં મૂકિયાં અંતર અમારાં,
જુઓ હર જખ્મથી ઝરતી હજારો રક્તધારા,
જુઓ છાના જલે અન્યાયના અગ્નિ-ધખારા,
સમર્પણ હો! સમર્પણ હો! તને એ સર્વ પ્યારા!

ભલે હો રાત કાળી, આપ દીવો લૈ ઉભા જો!
ભલે રણમાં પથારી, આપ છેલ્લાં નીર પાજો!
લડન્તાને મહા રણ-ખંજરીના ઘોષ ગાજો!
મરન્તાને મધૂરી બંસરીના સૂર વાજો!

તુટે છે આભ-ઉંચા આપણા આશા-મિનારા,
હજારો ભય તણી ભુતાવળો કરતી હુંકારા;
છતાં વહેશે સમર્પણની સદા અણખૂટ ધારા,
મળે નવ માવડીને જ્યાં સુધી મુક્તિ-કિનારા.

ભારતવર્ષના

વર્તમાન સ્વાતંત્ર્ય–સંગ્રામના

તમામ સૈનિકોને

સમર્પણ

NATIONAL ARCHIVES LIBRARY
GOVT. OF INDIA
3104
28.8.72

# અનુક્રમ

૧ બીક કોની મા તને?
૨ *કાલ જાગે
૩ *કેમ ગમે?
૪ સ્વતંત્રતાની મીઠાશ
૫ *યજ્ઞ-ધૂપ
૬ તરુણોનું મનોરાજ્ય
૭ *ભીરુ
૮ વીર જતીન્દ્રનાં સંભારણાં
૯ *નવ કહેજો!
૧૦ ઝંખના
૧૧ *ગાઓ બળવાનાં ગાન!
૧૨ મોતનાં કંકુઘોળણ
૧૩ +શિવાજીનું હાલરડું
૧૪ *ઉઠો!
૧૫ *છેલ્લી પ્રાર્થના!

*આ નીશાનીવાળાં આધાર લઇને રચાએલાં છે
+મારા સંગ્રહ 'કિલ્લોલ'માંથી લીધેલું.

# નિવેદન

આશરે છેલ્લા એક વર્ષથી 'સૌરાષ્ટ્ર'ના મુખપૃષ્ઠ પર જે ગીતો દેખાતાં હતાં તેનો—થોડાંએક બીજાં સહિત—આ નાનો સંગ્રહ 'સીંધૂડો' નામે પ્રગટ થાય છે. 'સીંધૂડો' શબ્દ ગુજરાત-કાઠીઆવાડમાં જાણીતો છે. એ યુદ્ધના અને શૌર્યના સૂરનું સૂચન કરે છે. ગીતો કાવ્યત્વની કસોટીએ તો કાચાં છે જ; પણ પ્રસિદ્ધ કરવાનો અધિકાર એક જ છે: જેઓએ વાંચ્યાં સાંભળ્યાં છે તેઓની ચાહના. કેટલેક સ્થળે મોટી મેદિનીઓ વચ્ચે પણ એ ઝીલાયાં છે.

આમાંનાં કેટલાંએક યુરોપી કવિતાનો આધાર લઇ રચાયાં છેઃ બાકીનાં સ્વયં-સ્ફુરિત છે. સ્વયં-સ્ફુરણાનો જેમ ગર્વ નથી, તેમ આધાર લઇ રચેલાંની શરમ પણ નથી. શું અનુવાદમાં કે શું સ્વયં-કૃતિમાં, જેટલું સ્વાભાવિક હોય તેટલું જ સાચું છે.

આ સર્જનોને અંગે મારા પર એક એવું ઋણ છે, કે જે એક ઘણા નિકટના આત્મજનનું હોવાથી ઉલ્લેખતાં કદાચ અનર્થને પાત્ર થાય, છતાં નિર્દેશ કર્યા વિના ન રહી શકાય તેવું છે. એ ઋણ મારા ભાઇશ્રી કકલભાઇ કોઠારીનું છે. શૌર્યવતી અંગ્રેજી કવિતાઓ એના હાથમાં પડે કે એ ભાઇ ગુરૂવારે મારી ગરદન પકડે, મારામાં આત્મ-વિશ્વાસ પૂરે, મારી જોડકણા-શક્તિને જાલિમની માફક કામે લગાડે : એ ગુલામીમાંથી ગુલામ એક એવો ખજાનો કમાયો છે, કે જે કદાચ અખૂટ નીવડશે. ગુલામે જાલિમ ઉપર પણ એક ગુપ્ત જીત મેળવી છે : ગ્રીસે રોમ પર મેળવી હતી તેવી : કવિતા ધિઃકારનારને કાવ્યનો રસ લગાડવાની.

બીજું એક નામ : રાગ આવડે કે ન આવડે, કોઇ સાંભળે કે ન સાંભળે, છતાં પાગલની માફક, આ ગીતો મસ્તીભર લલકારનાર ભાઇશ્રી અમૃતલાલ શેઠનું.

કર્તાનું પરમ ભાગ્ય છે, કે આ સંગ્રહની પ્રસિદ્ધિ એક અભૂતપૂર્વ મુક્તિ-સંગ્રામની પ્રથમ પ્રભાતે થઇ શકે છે.

રાણપુર

૬ : ૪ : ૧૯૩૦ — કર્તા

સત્યાગ્રહ-સંગ્રામનો પ્રથમ દિન

# બીક કોની મા તને !

બીક કોની ! બીક કોની ! બીક કોની મા તને ?
ત્રીસ કોટિ બાલકોની ઓ કરાલી મા તને.

બીક કોની, બંદુકોની ?
શ્વાન તુલ્ય સૈનિકોની ?
બીક ચોર–ડાકુઓની ?

નયન ફાડ, માર ત્રાડ, જરીક વાર જાગને !
હાં રે ઘેલી, ભાનભૂલી, બીક કોની મા તને ?

યુગયુગોથી બીત બીત,
વાર વાર વિકલ ચિત્ત,
ભાળે ભૂત ને પલીત !

પલક પલક થરથરાટ સન્નિપાત ત્યાગને,
નિજ પિછાન કર સુજાન ! બીક કોની મા તને ?

ઘડી ઘડી તુજ ધરમ જાય !
ભ્રષ્ટ થાય હાય ! હાય !
નાત જાત સબ લૂંટાય !

ઓ રે અંધ ! બુદ્ધિ બંધ, રોતી ધૂળરાખને,
છોડ છોડ આત્મઘાત, બીક કોની મા તને ?

નિરખી તુજ વદન વિરાટ
દુશ્મનોના છુટત ગાઢ,
દેખ દેખ ફડફડાટ !

તું થી કો' ન જોરદાર, ખાલી ખા ન ડર મને !
ગજવ ગજવ ઘોર નાદ, બીક કોની મા તને ?

દુશ્મન તુંજ દ્વાર ખડો,
કપટી કૂટ પાજી બડો,
છલકે દેખ પાપ–ઘડો !

દોડ દોડ, દંભ તોડ, છોડ ન તુજ વાતને;
આ છે આખરી સંગ્રામ, બીક કોની મા તને ?

# સીં ધૂ ડો

પંદર

સંગ્રામ-ગીતો

# કાલ જાગે !

જાગો જગના ક્ષુધાર્ત ! જાગો દુર્બળ અશક્ત !
ઈન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે,
ભેદો સહુ રુઢિબંધ, આંખો ખોલો રે અંધ,
નૌતમ દુનિયાનો સ્વર્ણ-સૂર્યોદય લાગે;
પૃથ્વીના જીર્ણ પાય, આંસુડે સાફ થાય,
રક્તે ધોવાય, જાલિમોનાં દળ ભાગે,
જાગો જુગના ગુલામ ! દેખાયે દિવ્યે ધામ,
ઈન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે.
દેવા દુષ્ટોને દંડ ઘોર કાલ જાગે.

નવ જોઇએ ધર્મપાલ, સ્વર્ગાસન-ધર કૃપાલ,
પશુના ગોવાલ સમ નિયંતા નવ જોઇએ;
માનવ સંતાન સર્વ, મોડી ગર્વીના ગર્વ,
મુક્તિને પર્વ મેળ મનના મેળવીએ;

લૂંટણહારાની લૂંટ, લેશું આવાર ઝૂંટ,
ફૂટ ફૂટ બેડી લોક-પ્રાણ કેદ ત્યાગે,
જાગો રે જન-સમાજ, અરિને કરવા અવાજ,
ઈન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે
દેવા પાપીને દંડ ઘોર કાલ જાગે.

સત્તા-નિયમોની જાલ, ધારા કેરી ચુંગાલ,
ભોળાં કંગાલ કાજ ફાંસલા પસારે,
ધનિકો મહાલંત મુક્ત, ગરીબોનાં લાલ રક્ત
સત્તાના ભકત આજ શોષે કરભારે;
બહુ દિન દાસત્વ સહ્યાં, જીવન નિર્વીર્ય થયાં,
બંધુત્વે વહ્યા પ્રાણ નવ-રચના માગે,
જાગો જાગો ગુલામ! આવી પહોંચ્યાં મુકામ,
ઇન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે
દેવા ઘાતીને દંડ ઘોર કાલ જાગે.

પૃથ્વી પર રાજ કોનાં? સાચાં શ્રમજીવીઓનાં,
ખેડુનાં, ખાણીઆંનાં, ઉદ્યમવંતોનાં;
રંકોનું રક્તપાન, પી પીને પહેલવાન
બનતા ધનવાન જ્ઞાનવાન, તેનું સ્થલ ના.
ગર્વોન્નત ગરુડ બાજ! ભક્ષક ઓ પંખીરાજ!
તમ બ્હોણો સૂર્ય કાલ તપવું નહિ ત્યાગે,
જાગો શ્રમજીવી લોક, ત્યાગો તંદ્રા ને શોક,
પૃથ્વીના પાટ પર કરાલ કાલ જાગે
દેવા જુલમીને દંડ ઘોર કાલ જાગે.

# કેમ ગમે ?

ધરતીને પટે પગલે પગલે
મુઠી ધાન વિના નાનાં બાળ મરે,
પ્રભુહીન આકાશેથી આગ ઝરે,
અહો રાત કરોડ કરોડ ગરીબોના પ્રાણ ધનિકોને હાથ રમે,
ત્યારે હાય રે હાય કવિ! તુંને સંધ્યાના રંગ તણાં શેણે ગીત ગમે!

લથડી લથડી ડગલાં ભરી
લાખો નાર ગલી ગલીએ ફરતી
સારી રાત ભૂખે મજુરી કરતી,
'મારાં બાળ પરોડિયે જાગીને માગશે ભાત' વિચારી એ દેહ દમે,
ત્યારે હાય રે હાય કવિ! તુંને પંખી ને પાણી તણાં શેણે ગીત ગમે!

લાખો મીલ-મજૂરોની આંખ મંહી
ઘૂમે મૃત્યુની છાંય, શું દીઠી નહીં,
એની યંત્રોમાં કાય પિસાઇ રહી,

એની જિન્દગી સારી રૂધિરભીની કથની સમ કેમ સુઝે ન તને !
ત્યારે હાય રે હાય કવિ ! તુંને કુંજો ને કોકિલાનાં શેણે ગીત ગમે !

મન ! છોડ નિહાળવા તારલિયા,
કાળાં કેદખાનાં કેરા જો સળિયા,
એનાં ક્રંદન શું નથી સાંભળિયાં !
એની ભીતર મૌન એકાકી રીબાઇ રીબાઈ હજારોના પ્રાણ શમે,
ત્યારે હાય રે હાય કવિ ! તુંને સાગર-તીર કેરાં શેણે ગીત ગમે !

મહા રોગ ને મૃત્યુના સાગરમાં
લાખો ચીસ નિઃસાસ ભર્યા જગમાં,
સિતમે સળગંત ધરા—તલમાં,
રસ સુંદરતા કેરી શાયરી છે બધી જાળ સોનેરી ભુખ્યાં જનને,
ત્યારે હાય રે હાય કવિ ! તુંને શબ્દોની ચાતુરી ગુંથવી કેમ ગમે !

દિન રાત જેઓની નસેનસમાં
પડે ઘોષ ભયંકર યંત્ર તણા,
પીયે ઝેરી હવા જે દમેદમમાં,
એને શાયર શું ! કવિતા શું ! ફુલો અને તારલિયામાં એ કેમ રમે !
ત્યારે હાય રે હાય કવિ ! તુંને કૃષ્ણ કનૈયાની બંસરી શેણે ગમે !

સારા વિશ્વની જે દિ' ક્ષુધા સમશે,
ભુખ્યાં બાળુડાં પેટ ભરી જમશે,
પૂરી રોટી પ્રતિ જનને જડશે,
કવિ ! તે દિન નીલ આકાશ તારા કેરી સુંદરતા સહુ સાર્થ બને,
તારાં કૂજન આજ જલાવી દે પ્રાણ ! રે દંભ ગાવા તને કેમ ગમે !

# સ્વતંત્રતાની મીઠાશ

[ ઉડી જા તું ગાફિલ ગાભરા ! તારે અંતરે શી આંટી પડી—એ ઢાળ ]

તારા નામમાં ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતા ભરી !
મુરદાં મસાણેથી જાગતાં, તારા શબ્દમાં શી સુધા ભરી !

પૂછી જોજો કોઇ ગુલામને,
ઉઠયા કેવા ઓધ એને મને
મળી મુક્તિ મંગલ જે દિને,
એને કાને શબ્દ પડયો 'તું સ્વાધીન !' શી ઓહો સુખની ઘડી !
એની આંખ લાલમલાલ, છાતીમાં છોળો છલકાઇ પડી.
તારા નામમાં ઓ સ્વતંત્રતા—

એને ભાન મૂકિત તણું થયું,
એનું દૈન્ય કયાં ટપકી ગયું !
એનું દિલ-ગુલાબ ઝુલી રહ્યું,

એના મસ્તકે નમવાનું ભૂલી આભસું માંડી આંખડી,
એની ઉર્મિ રાંક મટી રૂડા જગ–બાગમાં રમવા ચડી.
તારા નામમાં ઓ સ્વતંત્રતા—

પડું કેદખાનાંને ઓરડે,
લટકું યે ફાંસીને દોરડે,
લાખો ગોળી તોપ તણી ગડે,
તારો હાથ હોય લલાટ, તો ભલે આવે જુલ્મ તણી ઝડી!
તારું નામ હોય જબાન, તો શી છે ભીતિ ઓ મારી માવડી!
તારા નામમાં ઓ સ્વતંત્રતા—

કાળી રાત ચોગમ ઘૂઘવે,
લાખો શાપ બંધુજનો લવે,
વ્હાલાં વેરી થૈ રોવે મુંઝવે,
છુપ્યા ચંદ્ર સૂરજ તારલા, મધસાગરે મારી નાવડી,
ત્યાં યે જોઉં દૂર ઝબૂકતી તારા દ્વારની ઝીણી દીવડી!
તારા નામમાં ઓ સ્વતંત્રતા—

મારા દેશનાં સહુ શોષિતો
દુનિયાનાં પીડિતો તાપિતો
ખૂણે ખૂણે ગાય તારાં ગીતો,
એનાં ભૂખ્યાં પેટ છતાં એને કેવી મોંઘી તું કેવી મીઠડી!
એનાં બેડીબંધન તૂટશે, એવી આશે ખલક બધી ખડી.
તારા નામમાં ઓ સ્વતંત્રતા—

# યજ્ઞ–ધૂપ

[ બારડોલી–સત્યાગ્રહ સમયનું ]

આઘેરી વનરાઇમાં ઇંધન ક્યાં ચેતાય ?
કોને આંગણુ યજ્ઞમાં આપણુ તેડાં થાય ?

યજ્ઞનો ધૂપ ધમ ! ધમ ! દિગન્તે ચડે,
નોતરાં યુદ્ધનાં બારડોલી–ઘરે,
દૂર બેઠેલ અમ પ્રાણુ થનગન કરે,
યજ્ઞનો ધૂપ આકાશ ભર ઉભરે.

મીઠી સૌરભ ધૂપની દૂર સુદૂર છવાય,
લાખો હૈયાં તુજ પરે હોમાવા હરખાય.

લાખ હૈયાં ધબકતાં તુંને ભેટવા,
તોપ બંદૂક તલવાર પર લેટવા;
આજ તુજ યજ્ઞ–ધૂપે ભભકતી હવા,
પ્રેરતી લાખને યુદ્ધ–ઘેલા થવા.

લાખ લાખ નયનો રહ્યાં નિરખી અંબર માંય,
તારા યજ્ઞ-ધુંવા તણી યુદ્ધ-નિમંત્રક ઝાંય.

નિરખતાં લાખ નયનો ગગન-કાંગરે,
ધૂંધળો ધૂપ ચડતો જગત-નોતરે;
ભડ થજે, ભય નથી, આજ અમરાપરે
દેવ-કુલ યજ્ઞ તવ નિરખવા ઉતરે.

રહેજે મક્કમ મરણ લગ, મોત બિચારૂં કોણ!
તું મરતે જીવવું ગમે, એવો કાયર કોણ!

તું મરંતે હજારો તનય હિન્દના
વિચરવા એજ પંથે અમર ધામના
સજ્જ ઉભા, તું નિષ્પાપ છે, ડરીશ ના!
યજ્ઞનો ધૂપ પીધા પછી ફરીશ ના!

# તરૂણોનું મનોરાજ્ય

ઘટમાં ઘોડાં થનગને, આતમ વીંઝે પાંખ;
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.
આજ અણદીઠ ભૂમિ તણે કાંઠડે
વિશ્વભરના યુવાનોની આંખો અડે
પંથ જાણ્યા વિના પ્રાણ ઘોડે ચડે
ગરૂડ શી પાંખ આતમ વિષે ઉઘડે.

કેસરિયા વાઘા કરી જોબન જુદ્ધ ચડે,
રોકણહારૂં કોણ છે ! કોનાં નેન રડે !
કોઈ પ્રિયજન તણાં નેન રડશો નહિ !
યુદ્ધ ચડતાને અપશુકન ધરશો નહિ !
કેસરી વીરના કોડ હરશો નહિ !
મત્ત યૌવન તણી ગોત કરશો નહિ.

રગરગિયાં, રડિયાં ઘણું, પડિયાં રિપુને પાય.
લાતો ખાધી, લથડિયાં, એ દિન ચાલ્યા જાય.

લાત ખાવા તણા દિન હવે ચાલિયા,
દર્પભર ડગ દઈ યુવક દળ હાલિયાં,
માગવી આજ મેલી અવરની દયા,
વિશ્વ–સમરાંગણે તરૂણ–દિન આવિયા.

અણદીઠાંને દેખવા, અણતગ લેવા તાગ;
સતની સીમો લોપવા, જોબન માંડે જાગ.
લોપવી સીમ, અણદીઠને દેખવું,
તાગવો અતલ દરિયાવ તળિયે જવું,
ઘૂમવાં દિગ્દિગન્તો, શૂળી પર સુવું,
આજ યૌવન ચહે એહવિધ જીવવું.

# ભીરૂ

[ ઝૂલણાં ]

'ધરા પર માહરે કોઇ શત્રુ નથી'
કાયરો એ અહંકાર ધરતા;
મર્દ કર્તવ્ય-સંગ્રામના જંગમાં,
લાખ શત્રુને રક્તે નિતરતા.

તું રિપુહીન હોવાની શેખી ન કર !
બંધુ ! નિર્વીર્ય એ દર્પ ગાવે;
બ્હાદુરો સત્યને કાજ નિર્મમ બની
મિત્રની શત્રુતા યે વધાવે.

દેશદ્રોહી તણી કમર પર ત્રાટકી,
તેં નથી મિત્ર શું ઘાવ દીધા ?
જૂઠડી જીભ પરથી અમી-કટોરા
તેં નથી મિત્ર શું ધૂળ કીધા ?

ધર્મને વેશ પાખંડ પૂજાય ત્યાં
બંધુ ! શું ખડ્ગ લૈ તું ન ધાયો ?
સત્યનાં સ્વાંગ પે'રી ઉભું જૂઠ ત્યાં
લડીને મિત્ર શું નવ ઘવાયો ?

સૌમ્ય તું ! ભલો તું ! સંત ભદ્રિક તું !
ભાઇ, એ છે બધી તારી ભ્રમણા;
રંક તું, દીન તું, ભીરૂ કંગાલ તું,
સ્વાદ ચાખ્યા નથી તેં જખમના.

# વીર જતીન્દ્રનાં સંભારણાં

રણશીંગાં બજીયાં નહિ, નવ ગહેકી શરણાઇ,
તલવારોની તાળીઓ સમરે નવ સંભળાઇ.

સિંધુડા સૂર શરણાઇના નવ સુણ્યા,
હાક વાગી ન, તોખાર નવ હણહણ્યા,
ઘાવ પડઘાવ નવ ખડગના ખણખણ્યા,
યુદ્ધ-ઉન્માદના નાદ નવ રણઝણ્યા.

વિણ ઉન્માદે વીર ! તેં દીધો દેહ ધરી,
બિન્દુ બિન્દુ રક્તનાં રિપુને દીધ ગણી.

બિન્દુએ બિન્દુએ રકત દીધાં ગણી,
ચૂકવી પલ પલે દેહની કણી કણી,
મૃત્યુને ગણ્યું તેં ગોદ માતા તણી,
કે શું પ્રિયમિલનની રાત સોહામણી !

આવે મંગળ અવસરે, કોણ વિલાપ કરે !
કાયરતાને આંસુડે કોનાં નેન રડે !

વેગળી જાઓ રે અશ્રુની વાદળી !
વીરનાં તેજને નવ રહો આવરી,
નિરખવા દો મુને લાખ નયનો કરી,
આહુતિ-જ્વાલ એ બાલની અણઠરી !

ગગનવિદારણ રાગના, ગાજો નંદન-ઘોષ,
ઉત્સવ-દિન આપણ ઘરે, અરિજનને અફસોસ !

અરિજનો થરથરે એહવી ઘોષણા
ગરજી ગરજી ભરો ગગનનાં આંગણાં;
ઉઠ રે ઉઠ ઓ તરુણ કોડામણા,
વીરનાં વાંચ શોણિત-સંભારણાં !

વણગાયાં કયમ વિસરીએ, બહુમૂલાં બલિદાન,
ગાશું ઘરઘર ઘૂમતાં એનાં અર્પણ-ગાન.

ગાઓ રે એનડી વીરને વારણે,
ગાઓ સૌ માવડી પુત્રને પારણે,
બંદિજન ગાઓ બિરદાઇ સમરાંગણે,
ભકતજન ગાઓ મંદિરને બારણે !

તારી ટેક ત્યજાવવા મથનારા કંગાલ,
કાળાં મુખ નીચાં કરી કૂટે વ્યર્થ કપાળ.

કૂટતા કપાળો હીન કંગાલ એ,
તાહરાં શાંત વીરત્વ નિરખી રહે,

'હાય હા હારિયા!' દાંત ભીંસી કહે,
અણનમ્યા વીરને જાલિમો કયમ સહે!

બાણ-પથારી ભીષ્મની, દધિચીનાં વપુદાન,
મોરધ્વજે કરવત સહ્યાં, એ ઇતિહાસી ગાન.

જીર્ણ ઇતિહાસનાં ગાન એ વિસરિયાં,
જૂઠડી ભાવનાના થરોથર થયા,
નવેલા શૌર્ય-આદર્શ તેં સ્થાપિયા,
સમર્પણનાં નવાં મૂલ તેં આંકિયાં.

ઝીલો ઝીલો મલકતા જાલિમ તણા પ્રહાર,
લાલ કસુંબલ રક્તની ફુટે શોણિત-ધાર.

પ્રહારે પ્રહારે ઉર-પતાળો ફુટે,
કસુંબલ રંગની રકત-છોળો છુટે;
મૃત્યુ-ભયના કુડા લાખ બંધો તુટે,
પાળ ફાડી અને પ્રાણ-નાદ ઉમટે.

રજ રજ નોંધી રાખશું હૈયા બીચ હિસાબ,
અવસર આવ્યે માગશું જાલિમ પાસ જવાબ.

માગવા જવાબો એક દિન આવશું,
ભૂખરી પતાકા સંગમાં લાવશું,
અમારાં રકતના હોજ છલકાવશું,
માતનો ધ્વજ ફરીવાર રંગી જશું.

# નવ કહેજો !

રણવગડા જેણે વીંધ્યા,
વહાલી જેને વનવાટ;
જે મરતાં લગ ઝંખેલો
ઘનઘોર વિજન રઝળાટ;
જે ગગન ચુંબતા ગિરિશૃંગે સુણતો હાકલ અવિરામ,
એ મરદ કાજ કો' નવ કહેજો "પ્રભુ દે એને વિશ્રામ !"

દમ દમ કર્મે મચી રહેતાં
ઉછળે ઉરમાં ધબકાર,
ભલી એ એની વિશ્રાંતિ,
એ સુખ, જીવન–આધાર.
એ પડે, લડથડે, છતાં ઉઠી ફરી ચડે યુદ્ધ અવિરામ,
એ મરદ કાજ કો' નવ કહેજો "પ્રભુ દે એને વિશ્રામ !"

ધગધગ ધખતી સહરામાં
એ મહાલે શીતળ સેજ,
ઘન ઘન અંધાર-નિશામાં
ભાળે ભાસ્કરનાં તેજ;
વંટોળ વિષે પણ પામન્તો ફુલ-દોલ તણા આરામ,
એ મરદ કાજ કો' નવ કહેજો "પ્રભુ દે એને વિશ્રામ!"

જ્યમ શતશત પહાડ-શિખરથી
જળધોધ ઘુઘવતો જાય,
જ્યમ ખુશખુશાલ કો જોદ્ધો
નિજ અશ્વ નચવતો જાય;
ત્યમ સત્ય તણો શોધક નિજ પંથે ધસે સદા અવિરામ,
એ મરદ કાજ કો' નવ કહેજો "પ્રભુ દે એને વિશ્રામ!"

વનવનનાં વદન હસવતી
કો સરિતા ચાલી જાય,
દુર્ગંધ જગતની વહતી
સાગરમાં શાંત સમાય;
સાચા જગસેવકનું જીવન ત્યમ પામે મૌન વિરામ,
એ મરદ કાજ કો નવ કહેજો "પ્રભુ દે એને વિશ્રામ!"

# ઝંખના

મારી માઝમ રાતનાં સોણુલાં, ચમકી ચમકી ચાલ્યાં જાય.
મારી આતમ–જ્યોતના દીવડા, ઝબુકી ઝબુકી ઝંખવાય.
ઝંપે જરી રોતાં લોચનિયાં ત્યાં ઝબકીને જાગી જવાય;
આઘે આઘે આછા યુગનર કેરા પડછાયા પથરાય રે,
મહાવીર મોટા દરશાય–મારી૦

આભ લગી એનાં મસ્તક ઉંચાં ને પગ અડતા પાતાળ;
જુગ જુગના જેણે કાળ વલોવ્યા ને ડોલાવી ડુંગરમાળ રે
ફોડી જીવન–રૂંધણ પાળ–મારી૦

ઠપકો દેતી હસતી પ્રતિમાઓ એ ઝળહળતી ચાલી જાય;
સ્વપ્ન સરે, મારે કાન પડે મારા દેશની ઉંડેરી હાય રે
એનાં બંધન કયારે કપાય !–મારી૦

ઘન ઘન અંધારાં વીંઝણહારો જાગે ના કો મહાવીર;
ડરતાં ડરતાં ડગલાં ભરતાં આ તો વામન સરખાં શરીર રે
અણુભીંજેલાં ઉભાં છે તીર–મારી૦

જરીક જરીક ડગ માંડતાં મારી જનનીને ના વળે ઝંપ,
આવો વિપ્લવ ! આવો મીઠા જ્વાલામુખી ! આવો રૂડા ભુમિ–કંપ રે
તોડો જીર્ણતાના જૂના થંભ !–મારી૦

# ગાઓ બળવાનાં ગાન !

ઉઠ અવનિના શ્રમજીવી !
ગાવા વિપ્લવનાં ગાન;
ઉઠ બાંધવ ને ઉઠ બેની !
ગાવા બળવાનાં ગાન.
ઉઠ પ્રેમ તણે ઝંકારે ગાવા પીડિત જનનાં ગાન !
ઉઠ રોષ અને ધિક્કારે ગાવા સમર્થ જનનાં ગાન !

એ સમર્થ આપણા સહુના
પૂર્વજના પીસણહાર,
ભૂખ્યાં આપણ શિશુઓની
રોટીના ઝૂંટવનાર;
એ જુગજુગના જુલમોનાં છેદન કાજે આજ પ્રયાણ,
હર કદમે કદમે ગૌરવભર ગાઓ વિપ્લવનાં ગાન !
ગાઓ બળવાનાં ગાન !

હર સૂર્યાસ્તે સૂર્યાસ્તે
ઓરાં આવંત મુકામ;
હર સંવત્સર વહી જાતે
વહે જાલિમ દળની હામ.
શીદ ગાવાં અશ્રુ ગમગીની નિઃશ્વાસ તણાં દુર્ગાન !
નિર્ભય, ઉલ્લાસિત, નવચેતન, ગાઓ વિપ્લવનાં ગાન!
ગાઓ બળવાનાં ગાન !

અમ આશા ગુંજે ગગને,
અંતર ઉઠે ધબકાર;
અમ રક્ત–પતાકા પવને
કરતી જગને પડકાર;
'અમ શ્રમજીવી નિજ ભુજબળથી પામીશું નિજ પરિત્રાણ !'
આતમ–શ્રદ્ધાને ઘોર નિનાદે ગાઓ વિપ્લવ–ગાન !
ગાઓ બળવાનાં ગાન !

ઉંડાં દુઃખની ગહ્વરમાં
સળગાવી અંતર–જવાલ,
કરો કૂચ સુધીર સમરમાં
લઇ લોચન કોપ–કરાલ.
જો ઉભાં આપણ માનવતાનાં ઘાતક દળ સુનસાન,
રગરગ સાદે નહિ, હુંકારે લલકારો વિપ્લવ–ગાન !
ગાઓ બળવાનાં ગાન !

જે ગુલામ આજ ચુમે છે,
જાલિમનો શાસન–દંડ;

નિજ કદમે કાલ નમવશે,
પીડકનો તુંડ ઘમંડ
ઓ બંદી! તુંજ જંજીર ભેદવા બનજે વજ્ર સમાન,
તું દાવાનલનો ભડકો થઇ ગાજે વિપ્લવનાં ગાન!
ગાઓ બળવાનાં ગાન!

ઉદયોન્મુખ આગે ધપતી
આમ સેના ચાલી જાય,
ડગ માંડે રટતી રટતી
એકજ શ્રદ્ધા ઉરમાંય—
"સ્વાતંત્ર્ય તણા સાચા આશકના પડશે એવા ઘાવ,
"પૃથ્વી પટ પરથી જાલિમ દળનું કરશે કામ તમામ!"
ગાઓ વિપ્લવનાં ગાન!

# મોતનાં કંકુઘોળણ

કંકુ ઘોળજો જી કે કેસર રોળજો !
પીઠી ચોળજો જી કે માથાં ઓળજો !
ઘોળજો કંકુ આજ યોદ્ધા ! રંગભીને અવસરે,
રોપાય મંડપ મોતના ગુર્જરી કેરે ઘરઘરે;
મીંઢોળબંધા તજી માયા, સજી આયુધ, નીસરે,
હરખાઓ પ્રિયજન ! ગાઓ ગુણીજન ! દાવ દુશ્મન થરથરે !

જોદ્ધા જાગિયા જી કે કાયર ભાગિયા,
ડંકા વાગિયા જી કે હાકા લાગિયા.
લાગિયા હોહોકાર રણ-લલકાર ઘર ઘર બારણે,
કંકુ લગાવત પ્રિયા, બહેની લળે વીરને વારણે;
સહુ સાથ લડશે, પછી રડશે કોણ કોને કારણે !
રિપુઓને આંગણ, સંગ પોઢણ પામવા દિલ રણઝણે.

માંડ્યાં કારમાં જી કે જુદ્ધ જગે નવાં,
ના ના મારવા જી, કે શીશ સમર્પવાં.
કારમાં રણ ખાંડાં વિનાનાં ખેલવા હાકલ પડી,
હુલ્લસિત હૈયે ઘાવ તાતા ઝીલવા સેના ચડી.
છો હણે ઘાતી, રખે થાતી રોષ-રાતી આંખડી,
ગુર્જરી! તારાં જુદ્ધ નવલાં ન્યાળવા આલમ ખડી.

ગુર્જર ઘેલડી જી! કે ઓ અલબેલડી!
સમરાંગણ ચડી જી કે તું નહતી લડી!
નહતા લડ્યા તારા બિચારા બાળ ગભરૂ ઘેલડા,
હર વરસ હોરી-ખેલ રસબસ રમંતા તુજ છેલડા!
આવિયો ફાગણ, આજ ભીષણ, ખેલજો રે ફુલ-દડા!
મોતની ઝારી રક્ત-પિચકારી ભરી રિપુદળ ખડાં.

રાજ વસંતનાં જી કે વાહ વધામણાં!
ગાઓ ગાવણાં જી કે જુદ્ધ જગાવણાં!
ગાઓ બજાવો, જુદ્ધ જગવો, વાહ ઘોર વધામણાં!
ગુર્જરી! તારે મધુવને ગહેકે મયૂરો મરણના.
મઘમઘે જોબન, પ્રાણ થનગન, લાગી લગન, સહાય ના,
પ્રગટે હુતાશન, ભીતિ-નાશન, ખમા વીર! ખમા! ખમા!

# શિવાજીનું હાલરડું

આભમાં ઉગેલ ચાંદલો ને જીજીબાઇને આવ્યાં બાળ,
બાળૂડાને માત હીંચોળે
ઘણુણુણુ ડુંગરા બોલે !
શિવાજીને નીંદરૂં નાવે
માતા જીજીબાઇ ઝૂલાવે.

પેટમાં પોઢીને સાંભળેલી બાળે રામ લખમણની વાત,
માતાજીને મુખ જે દિ'થી
ઉડી એની ઉંઘ તે દિ'થી.

પોઢજો રે મારાં બાળ ! પોઢી લેજો પેટ ભરીને આજ,
કાલે કાળાં જુદ્ધ ખેલાશે
સૂવા ટાણું ક્યાંય નૈ રે'શે.

ધાવજો રે મારાં પેટ ! ધાવી લેજો ખૂબ ધ્રપીને દૂધ,
રે'શે નહિ રણઘેલૂડા !
ખાવા મૂઠી ધાનની વેળા.

પે'રી ઓઢી લેજો પાતળા રે ! પીળાં લાલ પીરોજી ચીર,
કાયા તારી લોહીમાં ના'શે
ઢાંકણ તે દિ' ઢાલનું થાશે.

ઘૂઘરા, ધાવણી, પોપટ-લાકડી ફેરવી લેજો આજ !
તે દિ' તારે હાથ રે'વાની
રાતી બંબોળ ભવાની.

લાલ કંકુ કેરા ચાંદલા ને ભાલે તાણજો કેસર-આડય !
તે દિ' તો સીંદૂરીઆ થાપા
છાતી માથે ઝીલવા બાપા !

માતા પિતા ચોડે ચૂમીઓ રે બાળા ! ઝીલજો એવડ ગાલ !
તે દિ' તારાં મોઢડાં માથે
ધૂંવાધાર તોપ મંડાશે.

આજ માતાજીની ગોદમાં રે તૂંને હુંફ આવે આઠ પો'ર,
તે દિ' કાળી મેઘલી રાતે
વાયુ ટાઢા મોતના વાશે.

આજ માતા દેતી પાથરી રે ફૂણાં ફુલડાં કેરી સેજ,
તે દિ' તારી વીર-પથારી
પાથરશે વીશભૂજાળી.

આજ માતાજીને ખોળલે રે તારાં માથડાં ઝોલે જાય,
તે દિ' તારે ઓશીકાં
મેલાશે તીર બંધૂકાં.

સૂઇ લેજે મારા કેસરી રે ! તારી હિંદવાણું જોવે વાટ,
જાગી વે'લો આવ બાળૂડા !
માને હાથ ભેટ બંધાવા.

જાગી વે'લો આવજે વીરા !
ટીલું માના લોહીનું લેવા !

શિવાજીને નીંદરૂં નાવે
માતા જીજીબાઇ ઝૂલાવે.

બાળૂડાને માત હીંચોળે
ધણણણ ડુંગરા બોલે.

# ઉઠો !

ઉઠો સાવજ-શૂરાની બેટડી ! બાંધો કેશ લુછો અશ્રુધાર,
જોજો ઝૂઝે તમારા કંથડા, એના કામજો કીર્તિ અંબાર.

સાદ સૂણી સમરાંગણના, દેવા પ્રાણ તણાં બલિદાન,
મૃત્યુના સિંધુ વલોવીને અમૃત વરવા સિધાવ્યા મેદાન રે
બેની ! બંકા આપણ ભરથાર-ઉઠો૦

દુશ્મન કેરાં નોતરાં બેની ! બથ ભરી મળવા કાજ,
રક્તનાં કેસર છાંટણાં છંટાશે, ખેલાશે રસબસ રાસ રે
કંઠે પે'રી આંતરડાંની માળ-ઉઠો૦

કાળ તણી એ કચેરીઓમાં, બેઠા પછી ન ઉઠાય,
કંથ કોડીલાનાં કાળાં કવચ ત્યાં તો રાતે શોણિતે રંગાય રે
બાજે રણ-રંભાના ઠમકાર-ઉઠો૦

અંતરની કાળી ઝાળો ઓલવવા, કાળગંગાને ઘાટ,
નણદલવીર એ નીરમાં ન્હાતા ત્યાં સામાસામી દે થપાટ રે
ગાંડાતૂર જેવા ગજરાજ—ઉઠો૦

જીતીને વળશે તો રંગે રમાડશું, મરશે તો યે શા ઉચાટ !
ખોળે પોઢાડીને ચડશું ચિતા માથે, હસતા જાશું સુરઘાટ રે
એવા ઉગ્રભાગી અવતાર—ઉઠો૦